ભાવનગર રેન્જ કચેરીનું નામ પ્રિન્ટીંગ અને સ્ટેશનરી મેન્યુઅલના વોલ્યુમ-૧ના એપેન્ડીક્ષ-૩માં દાખલ કરવા તેમજ રજીસ્ટ્રેશન નંબર(ઈન્ડેન્ટ નંબર) ફાળવવા બાબત.

ગુજરાત સરકાર,
ગૃહ વિભાગ,
ઠરાવ ક્રમાંક : HD/MHK/e-file/8/2022/8522/C
સચિવલાય, ગાંધીનગર
તારીખ /૧૨/૨૦૨૪

વંચાણે લીધા:-

(૧)ઉધોગ અને ખાણ વિભાગનો તારીખ ૧૦/૦૭/૧૯૮૦નો પરિપત્ર નંબર : છલસ-૨૦૮૦-૪૮૩૭-છાલેસાપ્ર.
(૨)ગૃહ વિભાગનો તારીખ ૧૮/૦૫/૨૦૧૫નો ઠરાવ ક્રમાંક : મહક/૧૦૨૦૧૫/૨૯૬/સ.
(૩) ગૃહ વિભાગનો તારીખ ૦૮/૦૪/૨૦૧૯નો ઠરાવ ક્રમાંક : મહક/૧૦૨૦૧૫/૨૯૬/સ.
(૪)પોલીસ મહાનિદેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રીની કચેરી, ગુજરાત રાજ્ય, ગાંધીનગરનો તારીખ ૨૧/૧૦/૨૦૨૪નો પત્ર ક્રમાંક : બ/૧૦૦/રજીસ્ટ્રી/સ્ટેશ ફોર્મ્સ ઈન્ડે નં.ફા/દરખાસ્ત/ભાવનગર રેન્જ/૫૬૨/૨૦૨૪.

ઠ રા વ:-

વિભાગના વંચાણે લીધા ક્રમાંક(૨)માં દર્શાવેલ તારીખ ૧૮/૦૫/૨૦૧૫ના ઠરાવથી જુનાગઢ રેન્જનું વિભાજન કરી નવી ભાવનગર રેન્જ ઉભી કરવાની મંજૂરી આપવામાં આવેલ છે. જે મંજૂરી અન્વયે તારીખ ૨૧/૦૮/૨૦૧૫ના રોજ ભાવનગર રેન્જ કાર્યરત થયેલ છે.

વિભાગના વંચાણે લીધા ક્રમાંક(૩)માં દર્શાવેલ તારીખ ૦૮/૦૪/૨૦૧૯ના ઠરાવથી જુનાગઢ રેન્જનું વિભાજન કરી નવી બનાવવામાં આવેલ ભાવનગર રેન્જ માટે નાયબ પોલીસ મહાનિરીક્ષકશ્રી, ભાવનગર વિભાગ, ભાવનગરને પ્રાદેશિક વડા જાહેર કરવામાં આવેલ છે. તથા પોલીસ મહાનિદેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રીની કચેરીના તારીખ ૨૭/૦૭/૨૦૨૩ના હુકમથી પોલીસ મહાનિરીક્ષકશ્રી, ભાવનગર વિભાગ, ભાવનગરને કચેરીના વડા જાહેર કરવામાં આવેલ છે.

પોલીસ મહાનિદેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રીની કચેરી, ગાંધીનગરના વંચાણે લીધા ક્રમાંક(૪)માં દર્શાવેલ તારીખ ૨૧/૧૦/૨૦૨૪ના પત્રથી ભાવનગર રેન્જ કચેરીનું નામ પ્રિન્ટીંગ અને સ્ટેશનરી મેન્યુઅલના વોલ્યુમ-૧ના એપેન્ડીક્ષ-૩માં દાખલ કરવા તેમજ રજીસ્ટ્રેશન નંબર(ઈન્ડેન્ટ નંબર) ફાળવવા બાબતે દરખાસ્ત કરવામાં આવેલ છે.

ઉપર્યુક્ત દરખાસ્ત પરત્વે કાળજીપૂર્વકની પુખ્ત વિચારણાને અંતે વંચાણે લીધા ક્રમાંક(૧)માં દર્શાવેલ ઉધોગ અને ખાણ વિભાગના તારીખ ૧૦/૦૭/૧૯૮૦ના પરિપત્રની જોગવાઇ મુજબની બન્ને શરતો સંતોષાતી હોઇ, ભાવનગર રેન્જ કચેરીનું નામ પ્રિન્ટીંગ અને સ્ટેશનરી મેન્યુઅલના વોલ્યુમ-૧ના એપેન્ડીક્ષ-૩માં દાખલ કરવા તેમજ રજીસ્ટ્રેશન નંબર(ઈન્ડેન્ટ નંબર) ફાળવવાની આથી મંજૂરી આપવામાં આવે છે.

આ હુકમો વિભાગની ઈ-સરકારની સમાનાંકી ફાઇલ પર નાણા સલાહકારશ્રી(ગૃહ)ની તારીખ ૧૫/૧૨/૨૦૨૪ની નોંધ તથા અધિક મુખ્ય સચિવશ્રી, ગૃહ વિભાગની તારીખ ૧૬/૧૨/૨૦૨૪ની નોંધથી મળેલ મંજૂરી અન્વયે કરવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(અનિતા ઝુલા)
નાયબ સચિવ
ગૃહ વિભાગ

પ્રતિ,

પોલીસ મહાનિદેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રી, ગુજરાત રાજ્ય, ગાંધીનગર.
નાયબ પોલીસ મહાનિરીક્ષકશ્રી, ભાવનગર વિભાગ, ભાવનગર.
એકાઉન્ટ જનરલશ્રી, ગુજરાત રાજ્ય, રાજકોટ/અમદાવાદ.
નાણાં સલાહકારશ્રી(ગૃહ), નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
જિલ્લા તિજોરી અધિકારીશ્રી, ભાવનગર.
જિલ્લા હિસાબી અધિકારીશ્રી, ભાવનગર.
શાખા સિલેક્ટ ફાઇલ.

Signature Not Verified

Signed by:ANITA P ZULA
Deputy Secretary
Date:2024.12.19
18:07:09 +5:30



Open the document in Adobe Acrobat DC to verify the E-sign